Letter No: SJED/0124/02/2024 Dt: 08-02-2024

માનસિક બિમારીમાંથી સારવાર લીધા બાદ સાજા થયેલ પુરૂષો માટે પુનઃસ્થાપન ગૃહ, રાજકોટ ખાતે શરૂ કરવા નવીન બાંધકામ માટે સુધારેલ વહીવટી મંજૂરી આપવા બાબત.

**ગુજરાત સરકાર**
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
**ઠરાવ ક્રમાંક:-** SJED/MSM/e-file/17/2023/0569/CHH
સચિવાલય, ગાંધીનગર
તારીખ:- /૦૨/૨૦૨૪

**વંચાણે લીધા:-**

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧૭/૧૦/૨૦૧૯ના ઠરાવ ક્રમાંક:- મકમ/૧૦૨૦૧૯/૨૬૫૮૩૬/નબા./છ

(૨) નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરી, ગાંધીનગરના તા.૧૯/૦૬/૨૦૨૩ ના પત્ર ક્રમાંક:- DSD/૦૩૮૫/૦૬/૨૦૨૩

**પ્રસ્તાવના:-**

માનસિક બિમારીમાંથી સારવાર લીધા બાદ સાજા થયેલ સ્ત્રી/પુરુષો માટે અમદાવાદ, ગાંધીનગર (ડભોડા મહિલાઓ માટે), રાજકોટ, ભુજ, સુરત, જામનગર (મહિલાઓ માટે) અને વડોદરા ખાતે ૫૦ની ટોચ મર્યાદાવાળા પુનઃસ્થાપન ગૃહ શરૂ કરવા વંચાણે લીધેલા ક્રમાંક:- (૧) પરના વિભાગના તા.૧૭/૧૦/૨૦૧૯ના ઠરાવથી રૂ.૩૫૦.૦૦ લાખનો ખર્ચ કરવાની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે.

સદર વહીવટી મંજૂરી અપુરતી હોઈ, નિયામકશ્રી સમાજ સુરક્ષાની કચેરીના વંચાણે લીધેલા ક્રમાંક:- (૨) પરના તા.૧૯/૦૬/૨૦૨૩ ના પત્રથી માનસિક બિમારીમાંથી સારવાર લીધા બાદ સાજા થયેલ પુરૂષો માટે રાજકોટ ખાતે પુનઃસ્થાપન ગૃહ શરૂ કરવા નવીન બાંધકામની રૂ.૫,૭૦,૩૨,૦૦૦/-ની સુધારેલ વહીવટી મંજૂરી આપવા દરખાસ્ત કરવામાં આવેલ. સદરહુ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

ઠરાવ:-

માનસિક બિમારીમાંથી સારવાર લીધા બાદ સાજા થયેલ પુરુષો માટે રાજકોટ ખાતે પુનઃસ્થાપન ગૃહ શરૂ કરવા માટે કરવાના બાંધકામ સારૂ રૂ.૫,૭૦,૩૨,૦૦૦/- નો ખર્ચ કરવાની સુધારેલ વહીવટી મંજૂરીની દરખાસ્ત ને નીચેની શરતે આથી મંજૂરી આપવામાં આવે છે.

- આગામી વર્ષો ના અંદાજપત્ર માં સદરહુ બાંધકામ ની બાબત માટે પર્યાપ્ત જોગવાઈ થાય તે સુનિશ્ચિત કરવાની જવાબદારી નિયામકશ્રી, સમાજ સુરક્ષાની રહેશે.

અન્ય શરતો અને બોલીઓ આ વિભાગના સરખા ક્રમાંકના તા૧૭/૧૦/૨૦૧૯ના ઠરાવમાં જણાવ્યા પ્રમાણેની યથાવત રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા૩૦/૦૧/૨૦૨૪ ની નોંધથી મળેલ સંમતિ અંન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(જે.કે.પટેલ)
સેક્શન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા.)ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી(આ.બા.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી(ખર્ચ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર

- નાણા સલાહકારશ્રી, નાણા વિભાગ(સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર
- ઉપસચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, દિવ્યાંગ વ્યક્તિઓ માટેના કમિશ્નરશ્રીની કચેરી, કર્મયોગી ભવન, ગાંધીનગર.
- બાળ લગ્ન પ્રતિબંધક અધિકાર સહ જીલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીની કચેરી, વડોદરા, સુરત
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, રાજકોટ
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં ૧૬, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી અમદાવાદ/રાજકોટ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી અમદાવાદ/રાજકોટ.
- સેક્શન અધિકારીશ્રી, છ-૧ શાખા/બજેટ શાખા તથા કોમ્પ્યુટર સેલ(વિભાગની વેબસાઈટમાં છ શાખાના ઠરાવોની યાદીમાં સમાવિષ્ટ કરવાની વિનંતી સાથે)